RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. ૫૨૮ તા.૩૧–૧૨–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી અરુણ બાબુરાવ કોષ્ટી
સામાવાળ :– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અરુણ બાબુરાવ કોષ્ટીની તા. ૨૫–૧૦–૧૧ની અરજીથી ભુમી ફેશન પર થયેલ કેસના તમામ કાગળો અને કેસ કરનારાએ અગાઉ કેટલા કારખાનાવાળાઓ પર કેસ કરેલા તે યુનીયન નામ અને અધિકારી સાહેબોએ શું કાર્યવાહી કરી તેની તમામ માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩૧–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૫૨૮/૨૦૧૧–૧૨

શ્રી અરુણ બાબુરાવ કોષ્ટીની તા. ૨૫–૧૦–૧૧ની અરજીથી ભુમી ફેશન પર થયેલ કેસના તમામ કાગળો અને કેસ કરનારાએ અગાઉ કેટલા કારખાનાવાળાઓ પર કેસ કરેલા તે યુનીયન નામ અને અધિકારી સાહેબોએ શું કાર્યવાહી કરી તેની તમામ માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩૧–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા તથા માંગેલ પૈકીની કોઈ માહિતી કલમ–૧૧ કે ૮ (૧)(**G**) હેઠળ સમાવિષ્ટ છે કે કેમ? તે પણ સ્પષ્ટ કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/ ૧૪૪૩ તા.૧૧–૧–૧૨ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન) તથા અરજદારને ત્રાહિત કે અન્યની શારીરિક સુરક્ષા સલામતીને વિપરીત અસર કરે તેની માહિતી માંગણી અંગે કલમ–૮ તથા ૧૧ની જોગવાઈઓ સામે જાહેરહિતની અગત્યતા સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સા.ઝોન/ ૭૧૫ તા.૨૭–૧–૧૨ થી અરજદારને પત્ર નં.સા.ઝોન/૬૪૪ તા.૯–૧–૧૨ થી આપેલ માહિતીના પત્રની નકલ, પત્ર નં.એસ. એન્ડ ઈ/૨ તા.૭–૪–૧૧ થી શ્રી ભરતભાઈ ને દુકાનો અને સંસ્થાઓના અધિનિયમ અન્વયેના દફતરો રજુ કરવા પાઠવેલ પત્રની નકલ, ન્યુ દક્ષિણ ગુ.લેબર યુનિયન તરફથી તા.૪–૪–૧૧ ની અરજીની નકલ, પત્ર નં.એસ. એન્ડ ઈ/૬૪ તા.૨૦–૬–૧૧ થી પ્રમોદભાઈ કાદમ્ભરી એમ્બ્રોડરી ને દુકાનો અને સંસ્થાઓના અધિનિયમ અન્વયેના દફતરો રજુ કરવા પાઠવેલ પત્રની નકલ, તા.૨૩–૬–૧૧થી ન્યુ દક્ષિણ ગુ.લેબર યુનિયન તરફથી ઓપરેટર અવધેશકુમારને હકકોના નાણા ચુકવ્યાની પહોંચ ની નકલ, તા.૨૩–૬–૧૧થી ન્યુ દક્ષિણ ગુ.લેબર યુનિયન તરફથી હેલ્પર શિવશંકરને હકકોના નાણા ચુકવ્યાની પહોંચ ની નકલ, રમણીક ભાઈ નિલકંઠ એમ્બ્રોડરી ને દુકાનો અને સંસ્થાઓના અધિનિયમ અન્વયેના દફતરો રજુ કરવા પાઠવેલ પત્રની નકલ, ન્યુ દક્ષિણ ગુ.લેબર યુનિયન તરફથી તા.૨૪–૬–૧૧ ની અરજીની નકલ, હિતેશભાઈ સુપરવાઈઝર મંજરી ફેશનને પત્ર નં.એસ.એન્ડઈ/૧૦૫ તા.૨૮–૭–૧૧ થી દુકાનો અને સંસ્થાઓના અધિનિયમ અન્વયેના દફતરો રજુ કરવા પાઠવેલ પત્રની નકલ, ઝાસુરભાઈ ને પત્ર નં.એસ.એન્ડઈ/૧૧૮ તા.૧૬–૮–૧૧ થી દુકાનો અને સંસ્થાઓના અધિનિયમ અન્વયેના દફતરો રજુ કરવા પાઠવેલ પત્રની નકલ, સંદિપભાઈ કુમાર ફેશનને પત્ર નં.એસ.એન્ડઈ/૧૪૧ તા.૨૩–૯–૧૧ થી દુકાનો અને સંસ્થાઓના અધિનિયમ અન્વયેના દફતરો રજુ કરવા પાઠવેલ પત્રની નકલ, બાબુજી દાસ એમ્બ્રોડરીને પત્ર નં.એસ.એન્ડઈ/૧૪૩ તા.૨૩–૯–૧૧ થી દુકાનો અને સંસ્થાઓના અધિનિયમ અન્વયેના દફતરો રજુ કરવા પાઠવેલ પત્રની નકલ, અરૂણભાઈ ભૂમિ ફેશનને પત્ર નં.એસ.એન્ડઈ/૧૬૦ તા.૩–૧૦–૧૧ થી દુકાનો અને સંસ્થાઓના અધિનિયમ અન્વયેના દફતરો રજુ કરવા પાઠવેલ પત્રની નકલ, અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૫–૧૦–૧૧ ની અરજીથી બાબત હેઠળની માહિતી માંગતી અરજી ઉધના ઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી ના પત્ર નં. સા.ઝોન/૬૪૪ તા.૯–૧–૧૨ થી અરજદારને સમય અવધિબાદ માહિતી પુરી પાડવામાં આવેલ. જે બાબતે અરજદારની અરજીમાં ભુમી ફેશન પર થયેલ કેસના તમામ કાગળો અને કેસ કરનારાએ અગાઉ કેટલા કારખાનાવાળાઓ પર કેસ કરેલા તે યુનીયન નામ અને અધિકારી સાહેબોએ શું કાર્યવાહી કરી તેની તમામ માહિતી આપવા. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આપેલ માહિતી નીચે મુજબ છે.

| અ.નં. | અરજી તા. | અરજી કરેલ યુનીયનનુ નામ | ફરીયાદ થયેલ સંસ્થાનું નામ | ગુમાસ્તાધારા નિરીક્ષકે કરેલ કાર્યવાહી |
|---|---|---|---|---|
| ૧. | ૪–૪–૧૧ | ન્યુ.દક્ષિણ ગુ. લેબર યુનીયન | શ્રી ભરતભાઈ ૧૪૭, જલારામ સોસા. પાંડેસરા | સરનામુ ખોટુ છે. |
| ૨. | ૧૭–૬–૧૧ | ,, | કાદંમ્ભરી એમ્બ્રોઈડરી, શ્રી પ્રમોદભાઈ ૧૬૫,પ્રમુખ પાર્ક, ભેદવાડ. | સમાધાન તા.૨૩–૬–૧૧ |
| ૩. | ૨૪–૭–૧૧ | ,, | શ્રી રમણીકભાઈ, નિલકંઠ એમ્બ્રોઈડરી એફ/૫/૬, પ્લોટ નં.૧૧ પ્રમુખ પાર્ક, ભેદવાડ | ફેકટરી એકટ |
| ૪. | ૨૮–૭–૧૧ | ,, | મંજરી ફેશન, ૨૨૨, જી.આઈ.ડી.સી. પાંડેસરા | બારોબાર સમાધાન |
| ૫. | ૧૬–૮–૧૧ | ,, | ઝાસુરભાઈ ૧૫/૧૬, પ્રમુખપાર્ક ભેદવાડ | સમાધાન |
| ૬. | ૨૩–૯–૧૧ | ,, | સંદિપભાઈ ૨૦૭, પ્રમુખપાર્ક ભેદવાડ | માલિક બદલાય ગયેલ છે. |
| ૭. | ૨૩–૯–૧૧ | ,, | દાસ એમ્બ્રોઈડરી, પ્લોટ નં.૨૦એ–૨૪ રોડ નં.૧૪ ઉધના સીટીઝન બેંકની ગલી | સમાધાન તા.૨૯–૯–૧૧ |
| ૮. | ૧–૧૦–૧૧ | ,, | ભુમિ ફેશન, પ્લોટ નં.૩૮, પહેલા માળે અંબિકાનગર હરીનગર–૨ ઉધના. | કાયદેસરની કાર્યવાહી |

અરજદારે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા. ૩૧–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. અરજદારે અપીલ તબકકે બે માસ ઉપરાંતનો સમય થઈ ગયો હોવા છતાં માંગેલ માહિતી અને નકલો પુરી પાડવામાં આવી નથી. તેવી રજુઆત કરેલ. અરજદારને અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૪૩ તા.૧૧–૧–૧૨ થી ત્રાહિત કે અન્યની શારીરિક સુરક્ષા સલામતીને વિપરીત અસર કરે તેની માહિતી માંગણી અંગે કલમ–૮ તથા ૧૧ની જોગવાઈઓ સામે જાહેરહિતની અગત્યતા સ્પષ્ટ કરવા જણાવવામાં આવેલ. જે અંગે કોઈ વિગત રજુ કરેલ નથી.

જાહેર માહિતી અધિકારીએ તા.૨૭–૧–૧૨ ના પુરક પત્રમાં માંગેલ માહિતી પૈકીની મોટા ભાગની ત્રાહિત પક્ષકારને લાગત છે. જેથી તે કલમ ૧૧ હેઠળ સમાવિષ્ટ છે. વધુમાં માહિતી આપવા અંગે વિલંબ થયેલ હોવાથી ત્રાહિત પક્ષકારને પુછાવ્યા વગર માહિતી આપવાની ફરજ પડેલ છે. માહિતી પત્ર નં.૬૪૪ તા.૯–૧–૧૨ થી પાના નં.૨૩ થી વિના મુલ્યે આપવામાં આવેલ છે. તથા ખાતાકીય કામગીરીના ભારણના કારણે જવાબ આપવામાં વિલંબ થયેલ છે. તેવુ જણાવેલ છે.

અરજદારની કેસના તમામ કાગળોની નકલ મેળવવાની માંગણી અંગે કલમ–૮(૧) જી ના તથા કલમ–૧૧ ની ત્રાહિતની માહિતી સામે જાહેરહિત અરજદાર આધાર સહ સ્પષ્ટ કરી શકયા નથી તેમ છતાં જાહેર માહિતી અધિકારી ધ્વારા વિલંબથી તે આપ્યાનું જણાવેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૨૫–૧૦–૧૧થી અરજીમાં માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે કશું કરવાનું રહેતુ નથી. અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન) .....જાણ તથા અમલ માટે
(૨) શ્રી અરુણ બાબુરાવ કોષ્ટી